Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Telegram : VNSGU, Telephone : +91 - 261 - 2227141 to 2227146, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

**સિન્ડિકેટની સામાન્ય સભા**

**ફકત સભ્યોની જાણ માટે** **તા.૧૧–૧૦–૨૦૧૨**

સિન્ડિકેટની સામાન્ય સભા ગુરૂવાર, તા.૧૧–૧૦–૨૦૧૨ના રોજ બપોરે ૧:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડ રૂમ નં. ૨૦૫માં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## : કાર્યવાહી :

| ક્રમ | સભ્યોના નામ | તા.૧૧–૧૦–૨૦૧૨ |
|---|---|---|
| ૧. | ડૉ. દક્ષેશ રસીકલાલ ઠાકર (માનનીય કુલપતિશ્રી) | હાજર |
| ૨. | ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૩. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫. | ડૉ.વિનોદકુમાર નારણભાઈ પટેલ | હાજર |
| ૬. | ડૉ.જયંતીકુમાર મોરારજી નાયક | હાજર |
| ૭. | મેજર ઉન્મેષભાઈ પંડયા | હાજર |
| ૮. | ડૉ.અપૂર્વ અરૂણકુમાર દેસાઈ | હાજર |
| ૯. | ડૉ.વૈદ્ય ધનેશ ગોપાલદાસ | હાજર |
| ૧૦. | શ્રી દેસાઈ સંજયકુમાર ઈશ્વરલાલ | હાજર |
| ૧૧. | શ્રી શ્રીધર રામદાસભાઈ નિમાવત | હાજર |
| ૧૨. | શ્રી ગૌરાંગભાઈ વિજયરાય વૈદ્ય | હાજર |
| ૧૩. | શ્રી સિંધા અમિતસિંહ ખુમાનસિંહ | હાજર |
| ૧૪. | ડૉ.વિક્રમભાઈ બી. દેસાઈ | હાજર |
| ૧૫. | ડૉ.કિરણ પંડયા | હાજર |
| ૧૬. | શ્રી મેહુલભાઈ કનુભાઈ ઠાકર | હાજર |
| ૧૭. | શ્રી પટેલ પરેશ રમેશભાઈ | હાજર |

## શોક દર્શક ઠરાવ

**(૧) ભૂતપૂર્વ કુલાધિપતિ સ્વ. નવલકિશોર શર્મા :**

ભૂતપૂર્વ કુલાધિપતિ નવલકિશોર શર્માનું દુઃખદ અવસાન થયેલ છે તેમના દુઃખદ અવસાન બદલ સિન્ડિકેટની આજની સભા શોક વ્યકત કરે છે. તથા સદ્‌ગતના આત્માને ચિરશાન્તિ અર્પવા અને એમના પરિવારને આઘાત સહન કરવાની પરમ કૃપાળુ પરમાત્મા શકિત અર્પે તેવી પ્રાર્થના કરે છે.

**(૨) સ્વ. બી. આઈ. શેઠ :**

ભૂતપૂર્વ ભૌતિકશાસ્ત્ર વિભાગના વિભાગીય વડા બી. આઈ. શેઠનું દુઃખદ અવસાન થયેલ છે તેમના દુઃખદ અવસાન બદલ સિન્ડિકેટની આજની સભા શોક વ્યકત કરે છે. તથા સદ્‌ગતના આત્માને ચિરશાન્તિ અર્પવા અને એમના પરિવારને આઘાત સહન કરવાની પરમ કૃપાળુ પરમાત્મા શકિત અર્પે તેવી પ્રાર્થના કરે છે.

**:: નવનિયુકત થયેલ સિન્ડિકેટ સભ્યશ્રીઓનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું.**

૧. કન્વીનર, મીનુ પરબીયા એન્ડાઉમેંન્ટ ફંડ, કેર ઓફ ડિપાર્ટમેન્ટ ઓફ બાયોસાયન્સ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા એપ્રિલ/મે ૨૦૧૨થી એમ.એસસી.(બાયોસાયન્સ)ની પરીક્ષામાં એનીમલ સાયન્સનો વિષય લઈ મહત્તમ ગુણ ધરાવનાર અને પ્રથમ આવનાર પરીક્ષાર્થીને વાર્ષિક પદવીદાન સમારંભમાં "હરી ઓમ આશ્રમ" પ્રેરીત મીનુ પરબીયા ગોલ્ડ મેડલ એનાયત કરવા માટે રૂા.૧,૦૦,૦૦૦/– (રૂપિયા એક લાખ) પૂરાનું દાન તા. ૨૯–૫–૨૦૧૨નાં રોજ ર.નં. ૪૬૧૦૬૧ દ્વારા જમા કરાવેલ પૈકીના ચેકથી જમા કરાવેલ છે. ચંદ્રક એનાયત કરવા અંગેની સામાન્ય શરતનો ખરડો આ સાથે સામેલ છે.

દાતાએ આપેલ દાનનો આભાર સ્વીકાર કરીએ અને એપ્રિલ/મે ૨૦૧૨ની પરીક્ષાથી એમ.એસસી.(બાયોસાયન્સ)ની પરીક્ષામાં એનીમલ સાયન્સનો વિષય લઈ મહત્તમ ગુણ ધરાવનાર અને પ્રથમ આવનાર પરીક્ષાર્થીને ચંદ્રક એનાયત કરવા અંગે વિચારણા કરવા બાબત.

(હિસાબી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર દાનનો સહર્ષ સ્વીકાર કરવો તથા દાતાની સહમતી લઈ અને ચંદ્રકો વર્ષ : ૨૦૧૩નાં પદવીદાનમાં સદર ચંદ્રકો આપવા.**

૨. કન્વીનર, મીનુ પરબીયા એન્ડાઉમેંન્ટ ફંડ, કેર ઓફ ડિપાર્ટમેન્ટ ઓફ બાયોસાયન્સ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા એપ્રિલ/મે ૨૦૧૨થી એમ.એસસી.(બાયોસાયન્સ) ની પરીક્ષામાં માઈક્રોબાયલ સાયન્સનો વિષય લઈ મહત્તમ ગુણ ધરાવનાર અને પ્રથમ આવનાર પરીક્ષાર્થીને વાર્ષિક પદવીદાન સમારંભમાં "હરી ઓમ આશ્રમ" પ્રેરીત મીનુ પરબીયા ગોલ્ડ મેડલ એનાયત કરવા માટે રૂા.૧,૦૦,૦૦૦/– (રૂપિયા એક લાખ) પૂરાનું દાન તા.૨૯–૫–૨૦૧૨નાં રોજ ર.નં. ૪૬૧૦૬૧ દ્વારા જમા કરાવેલ પૈકીના ચેકથી જમા કરાવેલ છે. ચંદ્રક એનાયત કરવા અંગેની સામાન્ય શરતનો ખરડો આ સાથે સામેલ છે.

દાતાએ આપેલ દાનનો આભાર સ્વીકાર કરીએ અને એપ્રિલ/મે ૨૦૧૨ ની પરીક્ષાથી એમ.એસસી.(બાયોસાયન્સ) ની પરીક્ષામાં માઈક્રોબાયલ સાયન્સનો વિષય લઈ મહત્તમ ગુણ ધરાવનાર અને પ્રથમ આવનાર પરીક્ષાર્થીને ચંદ્રક એનાયત કરવા અંગે વિચારણા કરવા બાબત.

(હિસાબી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર દાનનો સહર્ષ સ્વીકાર કરવો તથા દાતાની સહમતી લઈ અને ચંદ્રકો વર્ષ : ૨૦૧૩નાં પદવીદાનમાં સદર ચંદ્રકો આપવા.**

૩. ડૉ.ચંદ્રીકા હર્ષદભાઈ દેસાઈ, ૪–બી, રજનીગંધા એપાર્ટમેન્ટ, બાબુનિવાસની ગલી, પીપલ્સ કો. ઓ. બેંકની બાજુમાં, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત ૩૯૫૦૦૧ દ્વારા માર્ચ/ એપ્રિલ ૨૦૧૩માં લેવાનાર પરીક્ષાર્થી ૩ – MBBS (General Medicine)ની પરીક્ષામાં મેડીસીનનો વિષય લઈ પ્રથમ આવનાર પરીક્ષાર્થીને વાર્ષિક પદવીદાન સમારંભમાં " ડૉ. હર્ષદભાઈ ડાહ્યાભાઈ દેસાઈ" મેડલ એનાયત કરવા માટે રૂપિયા ૧,૦૦,૦૦૦/– (રૂપિયા એક લાખ) પૂરાનું દાન તા.૧૫/૬/૨૦૧૨ના રોજ ર.નં. ૪૬૫૭૮૩થી જમા કરાવેલ છે. ચંદ્રક એનાયત કરવા અંગેની સામાન્ય શરતોનો ખરડો આ સાથે સામેલ છે.

દાતાએ આપેલા દાનનો સાભાર સ્વીકાર કરીએ અને માર્ચ/ એપ્રિલ ૨૦૧૩ની પરીક્ષાર્થી ૩ – MBBS (General Medicine)ની પરીક્ષામાં મેડિસીનનો વિષય લઈ પ્રથમ આવનાર પરીક્ષાર્થીને ચંદ્રક એનાયત કરવા અંગે વિચારણા કરવા બાબત.

(હિસાબી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર દાનનો સહર્ષ સ્વીકાર કરવો તથા દાતાની સહમતી લઈ અને ચંદ્રકો વર્ષ : ૨૦૧૩નાં પદવીદાનમાં સદર ચંદ્રકો આપવા.**

૪. શ્રી લક્ષ્મીનારાયણ લક્ષ્મીભાઈ મુંદ્રા, એ/૧૭, મહેન્દ્ર પાર્ક સોસાયટી, પુણા કુંભારીયા રોડ, સુરત ૩૯૫૦૧૦, દ્વારા આગામી માર્ચ/ એપ્રિલ ૨૦૧૩થી એમ.સી.એ (ઓવર ઓલ) પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને પ્રથમ ક્રમે આવનાર પરીક્ષાર્થીને વાર્ષિક પદવીદાન સમારંભમાં " ગીરધરગોપાલ મુંદ્રા " ગોલ્ડ મેડલ એનાયત કરવા માટે રૂા.૧,૦૦,૦૦૦/– (રૂપિયા એક લાખ) પૂરાનું દાન તા.૩૦/૦૭/૨૦૧૨ના રોજ ર.નં. ૪૮૫૧૪૦ થી જમા કરાવેલ છે. ચંદ્રક એનાયત કરવા અંગેની સામાન્ય શરતોનો ખરડો આ સાથે સામેલ છે.

દાતાએ આપેલા દાનનો સાભાર સ્વીકાર કરીએ અને માર્ચ/ એપ્રિલ ૨૦૧૩ની પરીક્ષાથી એમ.સી.એ. (ઓવર ઓલ) પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને પ્રથમ આવનાર પરીક્ષાર્થીને ચંદ્રક એનાયત કરવા અંગે વિચારણા કરવા બાબત.

(હિસાબી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર દાનનો સહર્ષ સ્વીકાર કરવો તથા દાતાની સહમતી લઈ અને ચંદ્રકો વર્ષ : ૨૦૧૩નાં પદવીદાનમાં સદર ચંદ્રકો આપવા.**

૫. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ ખાતે આવેલ કાનજીભાઈ દેસાઈ કોમ્પ્યુટર સાયન્સના મકાન માટે સ્ટ્રકચરલ એન્જીનીયર શ્રી ભરતભાઈ પટેલ તરફથી મળેલ મકાન ઉતારી લેવા માટેના રીપોર્ટ ઉપર વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ ખાતે આવેલ કાનજીભાઈ દેસાઈ કોમ્પ્યુટર સાયન્સના મકાન માટે સ્ટ્રકચરલ એન્જીનીયર શ્રી ભરતભાઈ પટેલ તરફથી મળેલ મકાન ઉતારી લેવા માટેના રીપોર્ટનો સ્વીકાર કરવો અને સદર મકાનના દાતાશ્રીની સંમતિ મેળવી અને મકાન ઉતારી લેવાની આગળની ઘટતી કાર્યવાહી કરવી.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસમાં આવેલા અન્ય જુના મકાનોની પણ આ પ્રકારે ચકાસણી કરવી અને આગળની ઘટતી કાર્યવાહી કરવી તથા અંતિમ નિર્ણયની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવી.**

**(પરિશિષ્ટ : " ક ")**

૬. શ્રી મહેશભાઈ કબુતરવાલા તરફથી યુનિવર્સિટીના વિકાસના કામ અર્થે રૂા.૨૫,૦૦,૦૦૦/– (પચ્ચીસ લાખ)ના દાનની જાહેરાત કરેલ છે તે સૈધ્ધાંતિક રીતે તેનો સ્વીકાર કરવા બાબત.

(હિસાબી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી મહેશભાઈ કબુતરવાલા તરફથી યુનિવર્સિટીના વિકાસના કામ અર્થે જાહેર કરેલ રૂા.૨૫,૦૦,૦૦૦/– (પચ્ચીસ લાખ)ના દાનનો સહર્ષ સ્વીકાર કરવો.**

**માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત.**

૭. **૭.૧** કાનૂન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીની વિનંતીને અનુસંધાને એલ. એલ. બી. તથા એલ. એલ. એમ.ની તમામ પરીક્ષાઓમાં પૂનઃ મૂલ્યાંકનની પ્રથા શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૨૦૧૨ના વર્ષ માટે ચાલુ રાખવા મા.કુલપતિશ્રીએ મંજૂરી આપેલ છે જેની નોંધ લેવા બાબત.

(પરીક્ષા (પૂનઃ મૂલ્યાંકન) વિભાગ)

:: **સદર બાબતની નોંધ લીધી.**

**૭.૨** શૈક્ષણિક વર્ષ:૨૦૧૨–૧૩ માટે M.Sc.-Mathematics અભ્યાસક્રમ માટે ડિપાર્ટમેન્ટ ઓફ મેથેમેટીકસમાં ૧૭૫ વિદ્યાર્થીઓએ પ્રવેશ અરજી કરી હતી જેમાંથી ૫૦ (રેગ્યુલર) અને ૫૦ (હાયર પેમેન્ટ) બેઠકો ૫૨ પ્રવેશોની ફાળવણી કરવામાં આવેલ હતી. આમ છતાં, ઘણાં વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત રહી ગયા હોય ડિપાર્ટમેન્ટ ઓફ મેથેમેટીકસમાં M.Sc.-Mathematics અભ્યાસક્રમ માટે બીજી ૫૦ (હાયર પેમેન્ટ) બેઠકોનો વધારો સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ કરવાના.

(અનુસ્નાતક)

:: **સદર બાબતની નોંધ લીધી.**

**૭.૩** રજીસ્ટ્રાર, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી, ગાંધીનગરના તા.૩૦–૪–૨૦૧૨ના ક્રમાંકઃ એસપીયુ – ૧૦૨૦૧૨ – ૬૭૮ – બ થી રાજય સરકારશ્રીએ તા.૧૪–૬–૨૦૧૧ના જાહેરનામાં ક્રમાંક : જીવાયસી/ ૨૦/ ૨૦૧૧/ એસપીયુ/ ૧૦૨૦૧૧/ ૧૯૫/ બી થી યુનિવર્સિટી હેઠળ આવતી શારીરિક શિક્ષણ અને રમતગમત વિજ્ઞાનના વિષયોનું શિક્ષણ આપતી તમામ કોલેજોનું જે તે યુનિવર્સિટી સાથેનું જોડાણ બંધ થાય છે, એમ જણાવેલ છે. જે અંગેની જાણ થવા બાબત.

(સિન્ડિકેટ)

:: **સદર બાબતની નોંધ લીધી.**

**૭.૪** યુ. જી. સી. ન્યુ, દિલ્હીના Dr.(Mrs.) S.B. Gupta, Under Secretaryના તા૩૦/૦૩/૨૦૧૨ પત્રક્રમાંકઃ F.No.30-4/2011(SU-I) દ્વારા યુનિવર્સિટીને અગીયારમાં પ્લાનના નાણાંકીય વર્ષ ૨૦૧૧–૨૦૧૨ માટે "Resource Mobilization Scheme" અંતર્ગત રૂા.૧૧,૬૩,૭૫૦/– લાખની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવેલ છે. જેની નોંધ લેવા બાબત.

(યુ. જી. સી.)

:: **સદર બાબતની નોંધ લીધી.**

**૭.૫** વિશ્વ વિદ્યાલય આયોગ, ન્યુ દિલ્હી તરફથી મળેલ પત્ર ક્રમાંક નં. D.O.No. F2-1/2010(XI Plan), dated : 13-08-2012માં દર્શાવ્યા મુજબ હાયર એજયુકેશનમાં સ્પોર્ટસને પ્રોમટ કરવાની નવી યોજના મુજબની ગાઈડલાઈનનો વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં અમલ કરવા માટે અપાયેલી મંજૂરી અંગે માનનીય કુલપતિશ્રીનાં પગલાની નોંધ લેવા બાબત.

(યુ. જી. સી.)

:: **સદર બાબતની નોંધ લીધી.**

[

**૭.૬** યુ.જી.સી.એ ૧૨માં પ્લાન અંતર્ગત જનરલ ડેવલપમેન્ટ સ્કીમ હેઠળ રૂા.૨,૬૮,૧૩,૦૦૦/–(બે કરોડ અડસઠ લાખ તેર હજાર પુરા)ની એડહોક ગ્રાંટ મંજૂર કર્યા અંગે યુજીસીના પત્ર ક્રમાંક : F. No. 30-1/2012 (SU-1), dated: 30-8-2012ની નોંધ લેવા બાબત.

(યુ. જી. સી.)

:: **સદર બાબતની નોંધ લીધી.**

**૭.૭** યુ.જી.સી.એ ૧૨માં પ્લાન અંતર્ગત મર્જડ સ્કીમ હેઠળ SC/ST/OBC/Minority (Non-creamy layer) ના વિદ્યાર્થીને UG/PG લેવલના કોચીંગ કલાસ માટે એડવાન્સ ગ્રાંટ પેટે રૂા.૩૦,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા ત્રીસ લાખ પૂરા) રકમની ગ્રાંટ મંજૂર કર્યા અંગે યુજીસીના પત્ર ક્રમાંક : F. No. 30-5/2012 (SU-1), dated: 31st August, 2012ની નોંધ લેવા બાબત.

(યુ. જી. સી.)

:: **સદર બાબતની નોંધ લીધી.**

**૭.૮** યુ.જી.સી.એ ૧૨માં પ્લાન અંતર્ગત મર્જડ સ્કીમ હેઠળ Equal Opprtunity Cell માટે એડવાન્સ ગ્રાંટ પેટે રૂા.૫૦,૦૦૦/– (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) મંજૂર કર્યા અંગે યુજીસીના પત્ર ક્રમાંક : F. No. 30-2/2012 (SU-1), dated: 31st August, 2012ની નોંધ લેવા બાબત.

(યુ. જી. સી.)

:: **સદર બાબતની નોંધ લીધી.**

**૭.૯** વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને રાજય સરકારશ્રી ધ્વારા ગુજરાતી વિષય માટે ગુજરાતીના સ્વતંત્ર વિભાગ તરીકે મળેલ મંજૂરી અંતર્ગત કાયમી ધોરણે વિવિધ શૈક્ષણિક છ (૬) જગાઓ (પ્રોફેસર–૧, એસોસીયેટ પ્રોફેસર–૨ અને આસીસ્ટન્ટ પ્રોફેસર –૩) ભરવા આપવામાં આવેલ જાહેરાતના અનુસંધાને આગળની કાર્યવાહી કરવા ઓર્ડિનાન્સ–૩૭માં કરેલ જોગવાઈ (Ordinance 37 - (i), (5) Three experts in subject to be appointed by the Syndicate.) અંતર્ગત બહારના ત્રણ નિષ્ણાંતો નકકી કરવા અંગે માનનીય કુલપતિશ્રી ધ્વારા લેવામાં આવેલ પગલાંની નોંધ લેવા બાબત.

(વહીવટી)

:: **સદર બાબતની નોંધ લીધી.**

**૭.૧૦** યુનિવર્સિટી કેમ્પસ ખાતે પાણીની પરબ અને બગીચાના વિકાસ માટે જલારામ સેવા મંડળ ટ્રસ્ટ, સુરત દ્વારા અંદાજે રૂા.૧૧,૦૦,૦૦૦/–ની મર્યાદામાં તેમના સ્વખર્ચે નર્મદભવન નજીક પાણીની પરબ અને બગીચો તૈયાર કરી યુનિવર્સિટીને અર્પિત કરવા માટેના દાન સહયોગની નોંધ લેવા બાબત.

(બાંધકામ)

:: **સદર બાબતની નોંધ લીધી.**

**૭.૧૧** યુનિવર્સિટી કેમ્પસ ખાતે પાણીની પરબ અને બગીચાના વિકાસ માટે મહેશ્વરી યુવા મંડળ, સુરત દ્વારા અંદાજે રૂા.૧૧,૦૦,૦૦૦/–ની મર્યાદામાં તેમના સ્વખર્ચે લાયબ્રેરી નજીક પાણીની પરબ અને બગીચો તૈયાર કરી યુનિવર્સિટીને અર્પિત કરવા માટેના દાન સહયોગની નોંધ લેવા બાબત.

(બાંધકામ)

**:: સદર બાબતની નોંધ લીધી.**

**૭.૧૨** યુનિવર્સિટી કેમ્પસ ખાતે વિદ્યાર્થીનીઓ માટે વાંચનાલયના બાંધકામ માટે શ્રી મહેશભાઈ સવાણી તરફથી રૂા.૨૫,૦૦,૦૦૦/–નું દાન મળેલ છે, જેની નોંધ લેવા બાબત.

(બાંધકામ)

**:: સદર બાબતની નોંધ લીધી.**

**૭.૧૩** યુનિવર્સિટી કેમ્પસ ખાતે આવેલ જી. એચ. ભકતા મેનેજમેન્ટ એકેડેમી ખાતે ડીઝલ જનરેટર ખરીદવા જરૂરી કેબલ સહીત અગાઉ ટેન્ડરના સિન્ડિકેટમાં મંજૂર થયેલ ભાવથી રૂા.૧૧,૧૩,૮૩૦/–નો ખર્ચ મંજૂર કરી વર્કઓર્ડર આપવા માટે કુલપતિશ્રીના પગલાની નોંધ લેવા બાબત.

(બાંધકામ)

**:: સદર બાબતની નોંધ લીધી.**

**૭.૧૪** માર્ચ / એપ્રિલ – ૨૦૧૨માં લેવાયેલ યુનિવર્સિટીની પરીક્ષામાં ગેરરિતી આચરતાં પકડાયેલાં વિદ્યાર્થીઓના કિસ્સામાં પરીક્ષા આચાર સમિતિની તા.૨૧/૭/૨૦૧૨, તા.૧૬/૮/૨૦૧૨ અને તા.૨૯/૮/૨૦૧૨ની સભામાં વિદ્યાર્થીઓ અંગે સજા/ દંડ અંગેની ભલામણ કરી હતી. જે ભલામણ / બાબતો (કાર્યવાહી) સિન્ડિકેટ વતી માનનીય કુલપતિશ્રીએ મંજૂર કરી હોય, જે પગલાંની નોંધ લેવા બાબત.....

(પરીક્ષા (આચાર))

**:: સદર બાબતની નોંધ લીધી.**

૮. સંલગ્ન કોલેજોમાં કામ કરતા આચાર્યો અને અધ્યાપકોને ક્ષુલ્લક કારણ હેઠળ ફરજ મોકુફી કરવામાં આવે છે તેથી તેઓ તણાવ હેઠળ કામ કરે છે. આ રીતની અચોકકસતા કર્મચારી અને સંસ્થાના વિકાસ માટે નુકશાનકારક છે તેથી પ્રવર્તમાન ઓર્ડિનન્સ ૬૯ (એ) અને ૬૯ (બી)માં જરૂરી સુધારા વધારા કરવા ડૉ.કિરણભાઈ પંડયાના તા.૬–૧૦–૨૦૧૨ના તથા આ.ડૉ. જે. એમ. નાયકના તા.૯–૧૦–૨૦૧૨ના માનનીય કુલપતિશ્રીને સંબોધીને લખેલ પત્રો પર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતની અગાઉની સમિતિને આ પત્રો મોકલવા.**

૯. યુનિવર્સિટીના ૪૫માં વાર્ષિક અહેવાલ (વર્ષઃ ૨૦૧૦–૨૦૧૧) માટે વાર્ષિક અહેવાલ સમિતિ પર નીચેની સભ્યોની નિયુક્તિ કરવામાં આવી હતી. હવે યુનિવર્સિટીનો ૪૬મો વાર્ષિક અહેવાલ (વર્ષઃ ૨૦૧૧ –૨૦૧૨) (તા.૦૧/૦૪/૨૦૧૧ થી તા.૩૧/૦૩/૨૦૧૨ સુધીની માહિતીઓનો અહેવાલ) તૈયાર કરવાનો હોઈ, વાર્ષિક અહેવાલ સમિતિની નિયુક્તિ કરવા વિચારણા કરવા બાબત.

**નોંધ : ૪૫મો વાર્ષિક અહેવાલ (વર્ષઃ ૨૦૧૦–૨૦૧૧) તૈયાર કરવા માટેની સમિતિના સભ્યો નીચે મુજબ હતાઃ**

(૧) ડૉ. કિરણભાઈ પંડયા (કન્વીનર)
(૨) ડૉ. વેંકટરામન
(૩) ડૉ. રાકેશભાઈ દેસાઈ (અંગ્રેજી વિભાગ)
(૪) આ.ડૉ. વી.ડી. નાયક
(૫) ડૉ. અપૂર્વ એ. દેસાઈ
(૬) ડૉ. આર.ડી. પટેલ (મેડીકલ)
(૭) આ.ડૉ. જયેન્દ્રસિંહ પી. ગોહીલ
(૮) ડૉ. મોહિનીબેન ગઢિયા
(૯) આ.ડૉ. વિક્રમભાઈ દેસાઈ
(૧૦) ડૉ. પી. બહાદુર
(૧૧) આ. ડૉ. જગદીશભાઈ એમ. ગુર્જર
(૧૨) ડૉ. કે.સી. પોરીયા
(૧૩) આ. ડૉ. જે. એમ. નાયક (વલસાડ)
(૧૪) આ.શ્રી. ભાવિનકુમાર આર. નાયક

(સિન્ડિકેટ)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનો ૪૬મો વાર્ષિક અહેવાલ (વર્ષઃ ૨૦૧૧ –૨૦૧૨) (તા.૦૧/૦૪/૨૦૧૧ થી તા.૩૧/૦૩/૨૦૧૨ સુધીની માહિતીઓનો અહેવાલ) તૈયાર કરવા માટે નીચે મુજબના સભ્યોની સમિતિ ઉપર નિમણૂંક કરવી.**

| | | |
|---|---|---|
| **(૧)** | **ડૉ.રાકેશભાઈ દેસાઈ(કન્વીનર)** | **(પ્રો.અને હેડ,અંગ્રેજી વિભાગ, વી. ન. દ. ગુ.યુ.સુરત.)** |
| **(૨)** | **આ.ડૉ.જયંતીભાઈ ચૌધરી** | **( એમ.આર. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, બુહારી (વીરપોર) તા.ઃ વાલોડ, જિ.ઃ તાપી.)** |
| **(૩)** | **શ્રી રાજેશકુમાર એમ. દેસાઈ** | **(સેનેટ સભ્યશ્રી)** |
| **(૪)** | **ડૉ.હરીશ ડોકટર** | **(પ્રો. અને હેડ, મેથેમેટીકસ વિભાગ, વી. ન. દ. ગુ.યુ. સુરત.)** |
| **(૫)** | **ડૉ.પરવેઝ અબ્બાસી** | **(પ્રો. અને હેડ, સોસ્યોલોજી વિભાગ, વી. ન. દ. ગુ.યુ. સુરત.)** |
| **(૬)** | **ડૉ.દમયંતીબેન પરમાર** | **(પ્રો. અને હેડ, કોમ્પરેટીવ લિટરેચર વિભાગ, વી. ન. દ. ગુ.યુ.સુરત.)** |
| **(૭)** | **ડૉ.ગણેશભાઈ પરમાર** | **(પ્રો. અને હેડ, એજયુકેશન વિભાગ, વી. ન. દ. ગુ.યુ. સુરત.)** |
| **(૮)** | **શ્રી ઉન્મેષ પંડયા** | **(સિન્ડિકેટ સભ્યશ્રી)** |
| **(૯)** | **આ.ડૉ.પી. જલસણવાલા** | **( બાબુભાઈ બી. અચ્છારીવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, માંડવી.)** |
| **(૧૦)** | **આ.ડૉ.દિલીપભાઈ વરસાણી** | **(જે.બી.ધારૂકાવાલા આર્ટ્સ કોલેજ, સ્પિનીંગ મિલની સામે, વરાછા રોડ, સુરત.)** |
| **(૧૧)** | **આ.ડૉ.પંકજભાઈ એસ. દેસાઈ** | **( દોલત – ઉષા ઈન્સ્ટિટયૂટ ઓફ એપ્લાઈડ સાયન્સીસ એન્ડ ધીરૂ – સરલા ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમર્સ, તીથલ રોડ, વલસાડ.)** |
| **(૧૨)** | **આ.ડૉ.સુનિલ મરજાદી** | **(શ્રી કે. બી. સુમેરીયા કોલેજ ઓફ પ્રોફેશનલ સાયન્સ એન્ડ કોમર્સ, વાપી.)** |
| **(૧૩)** | **આ.ડૉ.ભાવિનકુમાર આર.નાયક** | **(ધ પાટીદાર જીન સાયન્સ કોલેજ, બારડોલી.)** |
| **(૧૪)** | **શ્રી પંકજકુમાર એમ. દેસાઈ** | **(શ્રી એન. ડી. દેસાઈ સાર્વજનિક હાઈસ્કુલ, વાંકલ, (સેનેટ સભ્યશ્રી))** |

૧૦. સને ૨૦૧૨—૧૩ ના માટે નિમાયેલ બોર્ડ ઓફ એકાઉન્ટ્સના પાંચ સભ્યો પૈકી બે સભ્યો સિન્ડીકેટ સભ્ય બનતા સ્ટેટ્યુટ-૧૯૭ મૂજબ ફારેગ થાય છે. તથા બે સભ્ય સેનેટ સભ્ય ન રહેતા કુલ ખાલી પડેલ ચાર જગ્યા માટે સ્ટેટ્યુટ-૨૦૨(સી) મૂજબ બોર્ડ ઓફ એકાઉન્ટ્સના સભ્યો તરીકે વરણી કરવા બાબત.....

(હિસાબી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઓફ એકાઉન્ટસની સમિતિની ખાલી પડતી જગ્યાઓ ઉપર નીચે મુજબના સભ્યોની નિમણૂંક કરવી.**

| | | |
|---|---|---|
| **(૧)** | **આ.ડૉ. વિજયકુમાર એ.જોશી** | **(મહામંડલેશ્વર શ્રીક્રિષ્નાનંદજી કોલેજ ઓફ કોમર્સ, ભરૂચ.)** |
| **(૨)** | **શ્રી પ્રવિણભાઈ માલી** | **(સેનેટ સભ્યશ્રી)** |
| **(૩)** | **આ.ડૉ.વિનોદચંદ્ર એન. પટેલ** | **(નવયુગ કોમર્સ કોલેજ, સુરત.)** |
| **(૪)** | **શ્રી ધર્મેશભાઈ પી. શાહ** | **(સેનેટ સભ્યશ્રી)** |

**માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત.**

૧૧. યુનિવર્સિટીનું સને ૨૦૧૨-૨૦૧૩ નું પુનઃ નિર્મિત અંદાજપત્ર તથા સને ૨૦૧૩-૨૦૧૪ નું અંદાજપત્ર તૈયાર કરવા માટે મા.કુલપતિશ્રીના આદેશાનુસાર નિમાયેલ કમીટીની જાણ સિન્ડિકેટની સભાને કરવા તથા મા.કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત...

(હિસાબી)

:: **સદર બાબતની નોંધ લીધી.**

**અધ્યક્ષશ્રીની સંમતિથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી હતી.**

૧૨. સંજયભાઈ દેસાઈની મૌખિક રજૂઆત અનુસાર વાલીયા ઈજનેરીના વિદ્યાર્થીઓની પરીક્ષાનું પરિણામ જાહેર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વાલીયા ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજીના વિદ્યાર્થીઓની રજુઆતને અનુસંધાને માનનીય સિન્ડિકેટ સભ્યશ્રી સંજયભાઈ દેસાઈના પત્રને આધારે સિન્ડિકેટ તા.૧૭–૫–૨૦૧૨ના ઠરાવ ક્રમાંક : ૯૯ પર પુનઃ વિચારણા કરતાં દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોઈ પણ ઈજનેરી કોલેજમાં સદર અભ્યાસક્રમ ભણાવવામાં આવતો ન હોઈ ખાસ કિસ્સા તરીકે વાલીયા કોલેજનાં ૬ (છ) વિદ્યાર્થીઓએ જાન્યુઆરી ૨૦૧૧થી મે ૨૦૧૧ દરમ્યાન ભરેલ આઠમા સેમેસ્ટરનું સત્ર મંજુર રાખી સદર વિદ્યાર્થીઓએ આપેલ મે/ જૂન – ૨૦૧૨ની પરીક્ષાનું પરીણામ જાહેર કરવું તથા જે વિદ્યાર્થીઓ નાપાસ/ ડીટેઈન થાય તેની પરીક્ષા ૨૦૧૪ સુધીમાં લેવી.**

૧૩. યુનિવર્સિટી કેમ્પસ ખાતે દાતાશ્રી તરફથી પાણીની પરબ અને પંજાબી સમાજનો હોલ તથા કાશીબેન રામકિશન મુન્દ્રા હોલના તેમના તરફથી રજુ થયેલ નકશાની નોંધ લેવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર નકશાઓની નોંધ લેવી અને સદર નકશાઓ મુજબ દાતાશ્રીઓને સદર કામગીરી કરવાની મંજૂરી આપવી.**

૧૪. યુનિવર્સિટી કેમ્પસ પર ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમ બેચલર ઓફ આર્કિટેકચર (B.Arch.) હાલમાં નવો અભ્યાસક્રમ હોય સદર અભ્યાસક્રમને પ્રારંભિક તબકકામાં નાણાંકીય જરૂરીયાતને ઘ્યાને લઈ ને Seed Money આપવા બાબતે વિચારણા કરવાની મૌખિક રજૂઆત સિન્ડિકેટ સભ્યશ્રી સંજયભાઈ દેસાઈએ કરી તેના પર વિચારણા કરવા બાબત.

(આર્કિટેકચર)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર અભ્યાસક્રમને** Seed Money **રૂા.૫૦,૦૦,૦૦૦/– પચાસ લાખ યુનિવર્સિટીના C.D.F. (સી. ડી. એફ.) માંથી પાંચ વર્ષ પછી સદર રકમ પરત આપવાની શરતે આપવા.**

૧૫. પરીક્ષા આચાર સમિતિની તા. ૧૪–૯–૨૦૧૨ની સભાની કાર્યવાહી નોધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત..

(પરીક્ષા (આચાર))

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા.૧૪/૯/૨૦૧૨ની સભાની કાર્યવાહી નોંધ તથા ભલામણો પરિશિષ્ટ : " ખ " માં દર્શાવ્યા મુજબ યથાવત મંજૂર કરવી.**

**(પરિશિષ્ટ : " ખ ")**

૧૬. ચાલુ શૈક્ષણિક વર્ષ પી.એચડી.નાં અભ્યાસ માટે અભૂતપૂર્વ ધસારો જોતા પી.એચડી. માટે અન્ય યુનિવર્સિટીનાં માન્ય ગાઈડ લાવવા અંગે વિચારણા કરવા આ.ડૉ. વિનોદભાઈ પટેલે રજૂ કરેલ મૌખિક રજૂઆત પર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતા બહારની યુનિવર્સિટીના માન્ય ગાઈડસને વિદ્યાર્થીઓ જરૂરીયાત મુજબ ફાળવવા તથા આ અંગેની અંતિમ નિર્ણયની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવી.**

**અઘ્યક્ષશ્રીનો આભાર માની સભા બરખાસ્ત થઈ.**

યુનિવર્સિટી કાર્યાલય, સુરત. **કુલસચિવ**
ક્રમાંક : એસ–૧ (૧)/ ૧૧૩૮૧ /૨૦૧૨.
તા.૧૧–૧૦–૨૦૧૨.
પ્રતિ,
**સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ......**